# હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતાએ ભજવેલી 'પૂ.મોટાભાઇ'ની પત્રશ્રેણી







હ્યુસ્ટનની ગુજરાતી સાહિત્ય સરિતાની જૂન મહિનાની બેઠકમાં વિજય શાહ લિખિત વેબપત્ર શ્રેણી 'પૂ.મોટાભાઈ' નાટ્ય સ્વરૂપે ભજવાઇ હતી. તેની તસવીરોમાં ડાબે પ્રવક્તાના પાત્રમાં વર્ષાબેન શાહ અને સોહમના પાત્રમાં શ્રી રસેશ દલાલ, (વચ્ચે) મોટાભાઈના પાત્રમાં શ્રી મુકુન્દભાઇ ગાંધી, અને નાટ્યમાં તલ્લીન શ્રોતાગણમાં ડાબેથી વિજય શાહ, સતીશ પરીખ, નિખિલ મહેતા, ફતેહઅલી ચતુર, સરયુબેન પરીખ, દેવિકતાબેન ધ્રુવ અને પ્રશાંત મુનશા. પાછલી હરોળમાં રિધ્ધિબેન દેસાઇ , દીપાબેન દલાલ અને તેમના બેન તથા કનકબેન શાહ નાટક માણી રહ્યા છે. *(ફોટોસૌજન્યઃ વિજય શાહ)*

**હ્યુસ્ટન, ટેક્સાસઃ** ગુજરાતી સાહિત્ય સરિતાની જૂન મહિનાની બેઠક તા.૨૨ જૂન,૨૦૦૮ના રવિવારે શ્રી મુકુન્દ ગાંધીને ત્યાં બપોરે ૨ વાગ્યે યોજાઇ હતી. બેઠકનો વિષય હતો 'મારા પિતાજી' જે ફાધર્સ ડેને અનુલક્ષીને હતો.

ધારણા હતી કે માતા ઉપર ઘણું લખાણ છે પણ પિતા ઉપર ઓછું લખાણ હોય છે. તેથી આ વિષય થોડો અઘરો થશે પણ તેવું ન બન્યું અને ઘણાં લખાણો વંચાયા. કેલિફોર્નિયાના ડૉ.ચંદ્રવદન મિસ્ત્રીથી માંડીને લાભશંકર ઠાકરના પુસ્તક 'બાપા વિષે' સુધીની મજલ ફાધર ડેને જીવંત કરી ગઇ. પ્રવિણાબેન કડકિયા, દેવિકાબેન ધ્રુવ, હિંમત શાહ, નુરુદ્દિન દરેડિયા, રમઝાન વિરાણી, વિજય શાહ અને વર્ષા શાહે પોતાની પિતાજી વિશે કવિતા કહી. ફતેહઅલી ચતુરે વ્યંગાત્મક રીતે આજની પેઢીની વાતો તેમની આગવી છટામાં કહી. આ બેઠકનું વિશિષ્ટ પાસું એ હતું કે ગુજરાતી સાહિત્ય સરિતાએ પહેલી વાર તેનો હેતુ પૂર્ણ કર્યો. સાત વર્ષ પહેલાં આ પરિકલ્પના હતી કે સાહિત્ય સરિતા સંપૂર્ણ સ્વાયત્ત બને એટલે કે એવો પ્રોગ્રામ કરે કે જેમાં તેઓના જ સભ્યો સર્વેસર્વા હોય. આવો એક કાર્યક્રમ આજે યોજાયો. સભ્ય શ્રી વિજય શાહની વેબ પત્રશ્રેણી 'પૂ.મોટાભાઈ' નાટ્ય સ્વરૂપે ભજવાઇ. તેનું નાટ્ય રૂપાંતર ભજવનાર હતા શ્રી મુકુંદ ગાંધી, રસેશ દલાલ અને વર્ષા શાહ અને પાર્શ્વ સંગીત આપ્યું હતું શ્રી મનોજ મહેતાએ. આ સંપૂર્ણપણે ગુજરાતી સાહિત્ય સરિતાના સભ્યો હતા. નાટકની ભજવણી દરમ્યાન નાટ્ય વળાંકો પ્રમાણે સભાગૃહના સભ્યો પત્રને વધાવતા જતા હતા અને દર્દના પ્રસંગે અશ્રુધારા પણ જોવા મળી. શ્રી મુકુંદ અને મંજુબેન ગાંધીના ઘરમાં આયોજીત રંગમંચમાં ભારત અને અમેરિકાના ધ્વજ જે તે દેશ અને વેશ દર્શાવતા હતા. સવા કલાકના આ નાટક દરમ્યાન સભાગૃહનું રંગમંચ પર ભજવાતા નાટક પ્રત્યે માન ઊંચું હતું તે પત્ર પતે અને પડતી તાળીઓના ગુંજારવથી સિધ્ધ થતું હતું.

આભારવિધિ કરતાં શ્રી વિજય શાહે જણાવ્યું હતું કે આ પ્રયોગ ગુજરાતી સાહિત્ય સરિતાના સભ્યોની હૂંફ અને માર્ગદર્શન વગર શક્ય ન બન્યું હોત. આગળના કાર્યક્રમો વિશે જણાવતાં તેમણે કહ્યું કે ગુજરાતી સાહિત્ય સરિતાની ટીમ ન્યુ જર્સી ખાતે થનારા 'ચાલો ગુજરાત'ના મહત્ત્વાકાંક્ષી પ્રોગ્રામમાં ભાગ લઇ રહી છે. આ આખી વાર્તા અને તેનાં નાટ્ય પ્રયોગને ગુજરાતી સાહિત્ય સરિતાની વેબસાઇટ www.gujaratisahityasarita.com ઉપર જોઇ શકાશે. *(માહિતીસૌજન્યઃ ફતેહ અલી ચતુર)*

# 'સાચા સગા શ્રીનાથજી': કરની મંદિરમાં ભજવાયેલું એક ઉમદા નાટક

**કરની, ન્યુ જર્સીઃ** હિન્દુ કોમ્યુનિટી સેન્ટરના વૈકુંઠ ધામ-હિન્દુ મંદિરના વિશાળ હૉલમાં શનિવાર તા.૭મી જૂને શ્રી શૈલેશ ત્રિવેદીના નિમાર્ણ અને દિગ્દર્શન હેઠળ પહેલીજ વાર અમેરિકામાં 'સાચા સગા શ્રીનાથજી' નાટકની સફળ ભજવણી થઇ હતી. આ નાટકને ૭૫૦થી વધુ રસિકજનોએ મનભરીને માણ્યું હતું.

આ એવું ગુજરાતી નાટક છે જેના ભારતમાં આ પૂર્વે ૩૦૦ જેટલાં શૉ થઇ ચૂક્યા છે. કવિશ્રી મૌન લિખિત, સ્વ.કનુભાઇ ક્રેસવાલા નિર્મિત અને સ્વ.જયંત પરીખ દિગ્દર્શિત આ નાટક સૌપ્રથમ ૨૬ વર્ષ પહેલાં ભજવાયું હતું અને પછી તો દેશના બધા રાજ્યો મળી તેના કુલ ૩૦૦થી વધુ શૉ ભજવાઇ ચૂક્યા છે.

નાટ્યના આરંભે પ.પૂ.ઇન્દિરાબેટીજીની ઉપસ્થિતિ અને આશીર્વચનોનો લહાવો સૌને સાંપડ્યો હતો. પૂ.જીજીએ નાટકના લેખક વિશે તથા તેના સંવાદો અંગે રસપ્રદ વાતો કરી હતી. એક ખ્રિસ્તી વ્યક્તિ વૈષ્ણવ




નાટકનું પોસ્ટર.

સંપ્રદાય સ્વીકારી આવું લોકભોગ્ય નાટક લખે એજ એક વિશેષતા કહેવાય!

નામથી ધાર્મિક જણાતું આ નાટક વાસ્તવિકપણે એટલું જ સામાજિક પણ લાગ્યું. નાટકના પાત્રોએ જીવંત અભિનય આપીને પ્રેક્ષકોને અંત સુધી જકડી રાખ્યા હતા. મુખ્ય પાત્ર કુંભનદાસને કલાકાર શ્રી રાકેશ નાયકે હૂબહુ રજૂ કર્યું હતું. અન્ય પાત્રોના કલાકારો, વંદના મજમુદાર, ભરત પટેલ, હસિત દાણી, પ્રેમા પાઠક, દિવ્યા ટેલર, શ્રધ્ધા શાહ, સમીર શાહ, શૈલેષ ત્રિવેદી અને અભિનેતા કમ ઓર્ગનાઇઝર મુકેશ ક્રેસવાલાએ ભારોભાર વાસ્તવિક અભિનયથી પ્રેક્ષકોના દિલ જીતી લીધાં હતાં.

સ્ટેજ સુવિધા, લાઇટિંગ અને દશ્યશ્રાવ્ય ટેકનિકની સુવિધા મર્યાદિત હોવા છતાં નાટકની અસલિયતમાં સહેજ પણ ઊણપ આવી નહોતી અને નાના સ્ટેજ પર ભજવાતા દરેક દશ્યને પ્રેક્ષકોએ રસપૂર્વક નિહાળ્યા, જેનો યશ સર્વશ્રી શૈલેષ ત્રિવેદી, મુકેશ ક્રેસવાલા અને સાઉન્ડ સિસ્ટમના શૈલેષ પરમારને જાય છે.

નાટકની રજુઆતના સ્પોન્સરો શ્રી દિપક શાહ તથા ગિરિશ અને દામીનીબેન સોનીને પૂ.ઇન્દિરાબેટીજીએ આશીર્વાદ રૂપે પાવક ખેસ અર્પણ કરીને નવાજ્યા હતા. મંદિરના ટ્રસ્ટી વિનુભાઇ રાવલ, કેની દેસાઇ, ફિસાનાના ચેરમેન પિયુષ પટેલ, તિરંગાના નીતિન ગુર્જર,દિવ્ય ભાસ્કરના બાલકૃષ્ણ શુક્લને પણ જીજીના આશીર્વાદનો લાભ મળ્યો હતો.

નાટ્ય પ્રયોગને સ્વયં સેવા આપનાર સિનિયર સિટિઝન્સ સંગઠનોના અગ્રણીઓ સર્વશ્રી હર્ષદ દેસાઇ, ભગવત પટેલ, જોસેફ પરમાર, સુભાષ દોશી, જી.કે.પટેલ, રમેશ દેસાઇ, વલ્લભ રાઠોડ વગેરેને પણ પૂ.ઇન્દિરાબેટીજીના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા.

આયોજકો તરફથી તે પૂર્વે સાંજે ૫-૩૦ કલાકે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. બરાબર આઠ વાગ્યે શરૂ થયેલું નાટક રાતે ૧૦-૩૦ કલાકે સમાપ્ત થયું ત્યારે સેંકડો પ્રેક્ષકોએ એક ઉમદા નાટક માણ્યાનો સંતોષ લઈ સૌ વિખરાયા હતા. નાટકના શૉ માટે સંપર્ક શૈલેષ ત્રિવેદીઃ ૭૩૨-૭૬૬-૩૦૭૫.

*(માહિતી સૌજન્યઃ જોસેફ પરમાર)*

# ન્યુ જર્સીની ઇંગલવૂડ હોસ્પિટલને વાપરવા આખું મકાન ભેટ આપતું શાહ દંપત્તી!

**ઇંગલવૂડ, ન્યુ જર્સીઃ** યુવા દંપત્તી તરીકે શ્વેતા અને યઝ(શ્રેયસ) શાહે નાની ઉમરમાં મોટેરાંઓને વિચારતા કરી મૂકે એવું કામ કરી બતાવ્યું છે! ક્રેસકિલની ફાર્મસી, હડસન ડ્રગનું સફળ સંચાલન તથા નાની મોટી અન્ય રિયલ એસ્ટેટ મિલકતોની દેખભાળમાં સતત વ્યસ્ત રહેતા શાહ દંપત્તીને બે સંતાનો-સોનાલી(ઉ.વ.૪) અને સમીર (ઉ.વ.૨) પાછળ ઘણો સમય આપવો પડે છે, છતાં સ્થાનિક ઇંગલવૂડ હોસ્પિટલ એન્ડ મેડિકલ સેન્ટર માટે પણ સમય ફાળવી તેના ઉત્કર્ષ માટે તેઓ લાંબા ગાળાનું આયોજન કરી શક્યા, એ આ દંપત્તીના જીવનની એક પ્રભાવશાળી કામગીરી કહી શકાય! શાહ દંપત્તીએ ઇંગલવૂડમાં ૯૭ ઇંગલ સ્ટ્રીટ પર આવેલી ૫૦૦૦ ચોરસ ફૂટનો વિસ્તાર ધરાવતી તેમની એક બિલ્ડીંગ હોસ્પિટલને વાપરવા માટે આપી દીધી છે. પ્રથમ ત્રણ વર્ષ વપરાશ માટેની આ ભેટનું મૂલ્ય ૪૨૫,૦૦૦ ડોલર જેટલું થાય. હોસ્પિટલને અન્ય બાંધકામોને પગલે જગ્યાની ખૂબ જરૂર હતી, તેવા સમયે શાહ દંપત્તીએ હોસ્પિટલથી થોડા બ્લોક્સ દૂર આવેલા ત્રણ માળનું આ મકાન વાપરવા સોંપી દેતા તેમાં બર્ગન લેપ્રોસ્કોપી એન્ડ બેરીએટિક એસોસિએટ્સ હવે તેની સેવા આપે છે, જે અતિમેદસ્વી વ્યક્તિઓ માટે જીવનરક્ષક ઉપાયો પૂરાં પાડે છે. આ ઉપરાંત પોસ્ટ-પોલીઓ દર્દીઓને મદદરૂપ થાય એવા કાર્યક્રમો પણ આ મકાનમાં કાર્યરત થયા છે.અમે આપેલી ભેટ લોકોને કેટલી મદદરૂપ થઇ રહી છે, એ જોઇ અમને ખરેખર આનંદ થયો. આજે પોલીઓની બીમારી વિશ્વ વ્યાપી છે. અને એવા દર્દીઓના જીવનમાં અમે કોઇ રીતે મદદરૂપ થઇ શક્યા એનો શ્વેતા અને મને ગર્વ છે. હોસ્પિટલના વિકાસ અને વૃધ્ધિમાં અમે પણ નિમિત્ત બન્યા છે, એ અમારા માટે ઘણી મોટી ઘટના છે, એમ યઝે કહ્યું હતું.

રિયલ એસ્ટેટના બિઝનેશ સાથે કોઇને મદદરૂપ થવા દાનદાતા થવાની પ્રેરણાને શાહ દંપત્તી સાકાર કરી શક્યા તેનો તેમને આનંદ છે. યઝ તેના



યઝ (શ્રેયસ) શાહ અને શ્વેતા શાહ

માટે આ ધંધામાં તેના માર્ગદર્શક અને રોલ મોડેલ બનેલા રિચર્ડ જે.કુર્ત્ઝને યશ આપે છે. તેમના ધંધાકિય કૌશલ્ય અને અસાધારણ પરગજુપણા માટે મને માન છે. રિચર્ડ કુર્ત્ઝ ઇંગલવૂડ હોસ્પિટલ એન્ડ મેડિકલ સેન્ટરના ટ્રસ્ટી તથા તેના ફાઉન્ડેશન અને ફંડ રેઇઝીંગ ડ્રાઇવના ચેરમેન છે.

ઇંગલવૂડ હોસ્પિટલ એન્ડ મેડિકલ સેન્ટરના પ્રેસિડન્ટ અને સીઇઓ ડગ્લાસ એ. ડ્યાક જણાવે છે કે શાહની આ ઉદારતા હોસ્પિટલ જ્યારે મદદ માટે સમાજનો સંપર્ક કરી રહી ત્યારે મોટી સહાયરૂપ બની ગઇ. મેડિકલ સેન્ટરને તેમના આ અસાધારણ ટેકા માટે અમે તેમનો આભાર માનીએ છીએ. યઝ શાહ બર્ગનફિલ્ડના સુરેશ અને જયશ્રી શાહના ત્રણ સંતાનોમાંના એક છે. તેમનો ઉછેર અહીં થયો હતો અને ફિલાડેલ્ફીઆની કોલેજ ઓફ ફાર્મસીમાંથી તેણે ૧૯૯૩માં ફાર્મસીની ડિગ્રી મેળવી હતી. ૧૯૯૮થી તે ક્રેસકિલની હડસન ડ્રગ ફાર્મસીના માલિક અને સંચાલક તરીકે સેવા આપે છે.

ગયા વર્ષે જ ઇંગલવૂડ હોસ્પિટલ એન્ડ મેડિકલ સેન્ટરના બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ પર તેમની નિમણૂક થઇ હતી. યઝ ને શ્વેતાના લગ્ન ૨૦૦૨માં થયા હતા. તેમના બંને બાળકો સમીર અને સોનાલીનો જન્મ પણ ઇંગલવૂડ હોસ્પિટલમાં થયો હતો. શ્વેતા મુંબઇની છે જ્યાં તેની ત્રણ બહેનો અને માતા-પિતા, મંજુલા અને પ્રવીણ શાહ રહે છે. શ્વેતા બે સંતાનોના ઉછેરની જવાબદારી ઉપરાંત ક્રેસકિલના શાહ પરિવારના બિઝનેશની- ખાસ તો તેમની ફાર્મસી ને રિયલ એસ્ટેટ પ્રોપર્ટીઝના એકાઉન્ટસ સંભાળવાની કામગીરી પણ બજાવે છે. ઇંગલવૂડ હોસ્પિટલ એન્ડ મેડિકલ સેન્ટર શાહ દંપત્તીનો તેમની ઉદાર ભેટ માટે આભારી છે અને આ વિસ્તારના રહેવાસીઓના સ્વાસ્થ્યની કાળજી અને સારવારમાં ભાગીદાર થવા માટે ગર્વ અનુભવે છે, એમ સેન્ટરના એક્ઝીક્યુટીવ વાઇસ પ્રેસિડન્ટ માર્ગરેટ સી. બ્રીજ જણાવે છે.

*(ફોટો-માહિતીસૌજન્યઃ કેથલીન મેથીઉ, ઇંગલવૂડ હોસ્પિટલ એન્ડ મેડિકલ સેન્ટર)*